# RAJKOT MUNICIPAL CORPORATION

Smart City

## Fire And Emergency Services

Dr. Ambedkar Bhavan, Dhebar Road, Rajkot – 360 001. Phone No.0281 2227222.

RMC/RFES/Building/NOC/913/2021. Date.05.03.2021.

### -:: FIRE NO OBJECTION CERTIFICATE ::-

**Ref. No.1.R.M.C.F.B.E.NO.NOC.1060, DATE:-05.02.2021.**
**2.R.M.C.F.E.S.No.Pro.NOC.1134, Date :-17.01.2020.**

This is to Fire No Objection Certificate That with Reference to Above Application of **Residence (Dwelling-3) Building Plan for Owner Prakash Dameshbhai Tank & Etc. One Building, Type of Cons. Building Plan: - Frame Structure, Building Use :- Residence, Location :- Jivraj Park, Nr. Ambe Mata Temple, (Ambika Township), Village :-Mavdi, Rajkot, Rev.Sr.No.204/P, T.P.S.No.26, Plot No.75 + 76, Ward No.11, O.P.No.16, F.P.No.16/1, Building Floor: - G.F. + 1st Floor To 5th Floor, Stair, Height of Building = 0.45+2.60+15.45= 18.50 Mt. Area Table :- Total Plot Area = 334.34 sq.mt. F.S.I. Used = 902.65/334.34 = 2.699 < 2.70.** The Building Site Was Inspected by RMC Fire Brigade Fire Station Officers and The Documents Submitted Were Checked and Found Correct on **Date:-04.03.2021.**

- **During inspection of the said premises following system were found adequate and in working condition.**

(1)Fire Hydrant System with Hose Box, Hose Pipe with Nozzle & Hose Reel in Working Condition each floor.
(2)ABC Fire Extinguishers 6 kg Capacity each floor.
(3)CO2 Fire Extinguishers 4.5 kg Capacity each floor.
(4)Fire Pump ON/OFF Switch each floor.
(5)Emergency Fire Alarm System each floor.
(6)Ground Floor + Parking Area Fire Sprinklers System.
(7)Two way fire Service inlet 2 way.
(8)Fire Man Switch in Fire Lift.

- **You are hereby advised to maintain the above system in good working condition.**

(1)The Fire Fighting System to be Maintain perfect working condition all the time.
(2)In Case of Emergency Fire Safety System must be operated by your trained person immediately.
(3)The Fire Department of RMC will not be responsible for any loss of life & property Due to Fire/Emergency incident of your premises.
(4) Electric Wiring must be proper and that Not be Loose and Taped in Building Area.
(5) Fire Water Tank for fire fighting in Above area.
(6)Trained man power shall be available for Fire fighting premises round the clock.
(7)Our fire Certificate is limited to Fire Fighting System available in your premises Only.
(8) Any other instructions given by fire Department from time to time about fire Safety of the premises to be followed.
(9)The duration of the Fire N.O.C. is valid up to One Year from the Date of Issue.

Dy. Chief Fire Officer
Fire & Emergency Services
Rajkot Municipal Corporation

Rajkot Municipal Corporation Fire and Emergency

Chief Fire Officer
Fire & Emergency Services
Rajkot Municipal Corporation

5/3/21

D:\20-21 Fire N.O.C April 2020 March 2021 Date # 01-04-2020 To 31-03-2021\Final H.B. Etc Fire NOC 2020 2021/1060 Prakash D. Tank 2021.

224

નં.યુએલસી/૬(૧) ૪૩૬૭ | અધિક કલેક્ટરશ્રીની કચેરી.
શહેરી જમીન ટોચ મર્યાદા.
રાજકોટ.

સ.નં-૨૦૪

તા. ૭-૭-૧૯૯૩.

OFFICE OF THE COLLECTOR, RAJKOT DIST. GUJARAT STATE

વિષય:- શ.જ.ટો.મ. ધારો-૧૯૭૬ ની કલમ-૮(૩) હેઠળની નોટીસ અને મુસદ્દાપત્ર સામેના વાંધાઓ અંગે કલમ-૮(૪) મુજબ નિર્ણય કરી કલમ-૯ હેઠળ આખરીપત્રક બહાર પાડતો હુકમ.

---

હુકમ

---

આ કેસમાં નીચે જણાવેલ સંયુકત જમીન ધારકોના

૧: જનુભા ગુમાનસિંહ ઝાલા
૨: મનુભા ગુમાનસિંહ ઝાલા
૩: રઘુભા નવલસિંહ ઝાલા
૪: પરબતસિંહ નવલસિંહ ઝાલા
૫: કિરીટસિંહ પાચુભા ઝાલા
૬: રોહિતસિંહ મનુભા ઝાલા
૭: લખધીરસિંહ પાચુભા ઝાલા
૮: જયપાલસિંહ કનુભા ઝાલા
૯: લાલુભા જનુભા ઝાલા

રહેવાસી કારોલ. તા. લીંબડી. જી. સુરેન્દ્રનગર

૧૦: નોઘુભા માલુભા જાડેજા
૧૧: વિક્રમસિંહ નોઘુભા જાડેજા
૧૨: અર્જુનસિંહ મહિપતસિંહ જાડેજા
૧૩: કરણસિંહ મહિપતસિંહ જાડેજા
૧૪: રેવતુભા મહિપતસિંહ જાડેજા
૧૫: શકિતસિંહ મહિપતસિંહ જાડેજા

રહેવાસી હાડાટોડા, તા. ધ્રોલ. જી. જામનગર

કુલ મુખત્યારશ્રી કેશુભાઈ બાવાભાઈ સોજીત્રા રહે. રજપૂતપરા મેઈન રોડનાએ શ.જ.ટો.મ. ધારો-૧૯૭૬ ની કલમ-૬(૧) હેઠળ ફોર્મ નં. ૧ રજૂ કરેલ છે જે અત્રેની કચેરીમાં રજી.ક્રમાંક ૪૩૬૭ થી નોંધાયેલ છે. આ સાથે મોજે મવડીનો સ.નં.૨૦૪ પૈકી ખેડવાણ જમીન એ.૫-૨૫ ગુંઠાની રજી.વેચાણ દસ્તાવેજ નં. ૭૨૬૭ તારીખ ૨૮-૧૨-૯૦ ની નકલ. ગા.ન.નં. ૮(અ) નાં ખાતા નં.૪૧૭ નો ઉતારો. ગામ નમુના નં.૬ ની હકક પત્રકની નોંધ તેમજ ૭/૧૨ નાં ઉતારાની નકલ તેમજ આ જમીન રહેણાંક ઝોનમાં આવેલ છે તે અંગે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળનાં તા.૮-૧૨-૯૨ નો પ્રમાણપત્ર સામેલ રાખેલ છે. તેમજ સંયુકત જમીન ધારકોએ શ્રી કેશુભાઈ બાવાભાઈ સોજીત્રાને કુલ મુખત્યાર તરીકે નીમેલ છે તે અંગે તા. ૧૦-૨-૯૧ નું પાવર ઓફ એટર્નીની નકલ સામેલ રાખેલ છે.

ફોર્મ નં. ૧ ની પુરવણી-(ક) માં નીચે મુજબની મિલ્કત દર્શાવવામાં આવેલ છે.

મોજે મવડીના સર્વે નં. ૨૦૪ પૈકી એ. ૫-૨૫ ગુંઠા જમીન ૧૫ સંયુકત જમીન ધારકોની દર્શાવેલ છે. અન્ય કોઈ વ્યકિતનું કોઈ હિત તેમાં દર્શાવવામાં આવેલ નથી.

૨. ઉપરોકત ફોર્મ નં. ૧ માં દર્શાવેલ મિલ્કત પરત્વે કાયદાની કલમ-૮(૩) હેઠળની નોટીસ અને કુસદા પત્ર તા. ૧૨-૪-૯૩ ના જમીન ધારકોના કુ.મુ. શ્રીને ઈસ્યુ કરવામાં આવેલ છે, જે અન્વયે તા. ૭-૫-૯૩ ના વાંધાઓ રજુ થયેલ છે. જે ટુંકમાં નીચે મુજબ છે.

(૧) અરજદારોની હોલ્ડીંગની જમીન કોઈ એકની માલીકીની નથી. તમામ અરજદારો અલગ અલગ વ્યકિત છે અને સહ માલીક હોઈ, તેમના હિસ્સે આવતી જમીનનો કબજો ધરાવવા હકકદાર છે.

(૨) દરેક એક યુનીટ મેળવવા હકકદાર છે. કારણ તમામ પુખ્ત ઉંમરના છે. આ જમીન તેમણે ખરીદ કરી ત્યારે ખેતી ઝોનમાં હતી. પરંતુ સરકારશ્રીના ૩-૭-૯૨ના નોટીફીકેશનથી રહેણાંક ઝોનમાં મુકવામાં આવેલ છે આ જમીનનું ક્ષેત્રફળ ૨૨૭૭૦-૦ ચો.મી. છે અને ૧૫ સહ હિસ્સેદાર હોઈ, દરેકને ૧૫૦૦ ચો.મી. મુજબ એક એક યુનિટ મળવાપાત્ર છે. જેથી દરેકના હિસ્સે ૧૫૧૮ ચો.મી. જમીન આવતી હોઈ, રાખવાપાત્ર ઠરાવી આપવા અરજ કરેલ છે.

વાંધા લગત રૂબરૂ સાંભળવાની મુદત તા. ૨૫-૫-૯૩ ની મુકરર કરવામાં આવેલ. જે અનુસંધાને તા. ૧૪-૬-૯૩ ના રોજ જમીન ધારકોના કુ.મુ. શ્રી કેશુભાઈ બાવાભાઈ સોજીત્રા રૂબરૂ આવી અને નિવેદન આપેલ છે. અને જણાવેલ છે કે, આ જમીનના સંયુકત જમીન ધારકોએ આ જમીન ખેતી ઝોનમાં હતી ત્યારે રજી. દસ્તાવેજથી ખરીદ કરેલ. આ ખરીદી વખતે આ તમામ સંયુકત જમીન ધારકો પુખ્ત ઉંમરનાં હતાં તેઓ તમામ હયાત છે અને શ્રી કેશુભાઈને આ જમીનની તમામ વહીવટ કરવા માટેના અધિકાર આપ્યા છે. આ જમીન ૨૨૭૬૫ નહીં પરંતુ ૨૨૭૭૦ ચો.મી. છે. તમામના હિસ્સે ૧૫૧૮ ચો.મી. જમીન આવે જેથી કોઈ જમીન વધારાની ફાજલ કરવાની રહે નહિં.

આ કેસમાં કુ.મુ. શ્રીએ ફોર્મ નં. ૧ ભરેલ હોઈ જેથી મુળ જમીન ધારકોનું સોગંદનામું રજુ કરવા જણાવતાં શ્રી ભરત મહેતાએ તા. ૧૫-૬-૯૩ ના જમીનધારકોનું સોગંદનામું રજુ કર્યુ છે. જેમાં જણાવ્યા મુજબ આ તમામ સંયુકત જમીન ધારકો રાજકોટ શહેરી સંકુલમાં આ જમીન સિવાય અન્ય કોઈ જમીન સ્વતંત્ર રીતે, સંયુકત કુટુંબનાં સભ્ય દરજ્જે કોઈપણ ટ્રસ્ટના બેનીફીશર તરીકે, સહકારી મંડળીનાં સભ્ય દરજ્જે કે બીજા કોઈપણ રીતે અન્ય જમીન ધરાવતાં નથી. કે તેઓ સહમાલીકો પૈકી કોઈપણ ઈસમની પત્નિ કે અપરિણીત સગીર બાળકો ઉપર જણાવેલ કોઈપણ દરજ્જાથી રાજકોટ શહેરી સંકુલમાં શહેરી જમીન કે ખાલી જમીન ધારણ કરતાં નથી, તેમજ-

૩......

OFFICE OF THE COLLECTOR
UNJANI … JKOT … TAR

૨૨૫

-શ્રી કેશુભાઇ સેખડા તેમજ પ્રમોદકુમાર જીવણભાઇ ચોવટીયાને તેમનાં કુ.મુ.તરીકે
નિમેલ છે. જે શ.જ.ટો.મ. ધારા હેઠળનું ફોર્મ નં.૧ ભરવામાં આવેલ છે તે કુ.મુ.શ્રીએ
તેમની સુચનાથી ભરેલ છે. આ અંગેનું જે ડ્રાફ્ટ સ્ટેટમેન્ટ ઇસ્યુ કરવામાં આવેલ છે.
તેમજ તે સામે કુ.મુ.શ્રીએ વાંધાઓ લીધેલ છે તે તમામ બાબતોથી તેઓ માહિતગાર
છે અને તેમાં તેમની સંમતિ છે તેમ જણાવેલ છે.

આ ફોર્મ નં.૧ તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજો, મુસદ્દાપત્રક સામે રજુ
કરેલ વાંધાઓ, જમીન ધારકોના કુ.મુ.શ્રીનું નિવેદન તથા જમીન ધારકોએ રજુ કરેલ
સોગંદનામાંની વિગતોની સમીક્ષા કરતાં સ્પષ્ટ થાય છે કે, વાદગ્રસ્ત જમીન~~xxxxકે~~
જમીન ધારકો સંયુકત માલીકી દરજજે પોતાની ખેતીની જમીન તરીકે રજી.દસ્તાવેજ
નં. ૭૨૬૭ તા.૨૮-૧૨-૭૦ નાં ખરીદ કરેલ છે આ જમીન જયારે ખરીદ કરવામાં
આવેલ ત્યારે તે જમીન ખેતી ઝોનમાં હતી, પરંતુ સરકારશ્રીના શહેરી વિકાસ
વિભાગના જાહેરનામાં ક્રમાંક: જીએચવી-૧૪૩-ડીવીપી-૧૪૯૧-૨૧૬૨-૯૨ તારીખ
૩-૭-૯૨ થી આ જમીન રહેણાંક ઝોનમાં ફેરવવામાં આવેલ છે, ત્યારથી આ જમીન
શ.જ.ટો.મ. કાયદા મુજબ '' ખાલી જમીન '' ગણાય અને તેને આ કાયદાનાં
પ્રકરણ-૩ ની જોગવાઇઓ તે તારીખથી લાગુ પડે છે.

આ જમીન ધારકો ફોર્મ નં.૧ માં દર્શાવેલ જમીન સિવાય બીજી કોઇ
શહેરી જમીન ધારણ કરતાં નથી. તેમજ તમામ સહ માલીકો આ જમીનમાં સરખાં
હિસ્સેદાર હોઇ, દરેકને ભાગે ૧૫૧૮ ચો.મી. જમીન આવતી હોઇ, રાજકોટ ''ક''
વર્ગનું શહેર હોઇ, ૧૫૦૦ ચો.મી. થી વધુ જમીન દરેક સંયુકત જમીન ધારક
૧૮ ચો.મી. ધરાવે છે જેથી દરેકને ૧૫૦૦ ચો.મી. રાખવાપાત્ર ઠરાવું છું અને
બાકીની ૨૭૦.૦૦ ચો.મી. જમીન વધારાની ફાજલ ~~xxxx~~ ઠરાવું છું.

ઉપરોકત તમામ ~~xxxx~~ પુરાવા, વિગતો તેમજ કાયદાની પરિસ્થિતિ
મુજબ આ ૧૫ જમીન ધારકો દરેકનાં હિસ્સા મુજબ ૧૫૦૦ ચો.મી. જમીન રાખવા-
પાત્ર આપી બાકીની ૨૭૦.૦૦ ચો.મી. જમીન વધારાની જાહેર કરવામાં આવે
છે, જે અંગેનું કલમ-૯ હેઠળનું આખરી પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

( કે. મે. પટેલ )
સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર,
શહેરી જમીન ટોચ મર્યાદા,
રાજકોટ.

RPAD

પ્રતિ, જમીન ધારકો વતી કુ.મુ.
શ્રી કેશુભાઇ બાવાભાઇ સેખડા,
રણુજાપરા મેઇન રોડ,
રાજકોટ.

RAJKOT DIST. GUJARAT STATE

PUNJANI Govt.

નકલ જયભારત સાથ રવાના :-

૧: નાયબ સચિવશ્રી, (યુ.શી)
મહેસુલ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

૨: અધિક કલેક્ટરશ્રી, (સમીક્ષા એકમ)
જમીન સુધારણા કમિશનરશ્રીની કચેરી, મહેસુલ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.

૩: મામલતદારશ્રી, રાજકોટ તાલુકા.

૪: તલાટી-કમ-મંત્રી, મવડી.

૫: સીલેક્ટ ફાઈલે.

COLLECTOR, RAJKOT DIST. GUJARAT STATE

૨

રજી. નં. ૩ (-૭)

-: ખરી નકલ :

નકલ માંગનાર...નિતીન...સોમાભાઈ...

અરજી કર્યાની તારીખ...૯ - ૯ - ૧૯

કચેરીમાં અરજી મળ્યા તારીખ...

અરજી તૈયાર કર્યા તારીખ...૨૬ - ૯ - ૧૯

ખરી નકલ આપવામાં આવી તા...૯-૧૯

ખરી નકલનાં પાનાની સંખ્યા...૨

રૂ. ૧

નકલ ફીની રકમ રૂા...૨

મુકાબલ ફીની રકમ રૂા...૨

રેકર્ડ શોધવાની ફી રૂા...—

કાગળ ફી રૂા...૪

કુલ રૂા. ૮

નકલ તૈયાર કરનારની સહી

નકલ મુકાબલ કરનારની સહી

૨૬.૯.૧૯

કલેકટર વતી,

રાજકોટ જીલ્લા

OFFICE OF THE COLLECTOR RAJKOT DIST. * GUJARAT STATE *

ગુજરાત રાજ્ય